ગુજરાતમિત્ર
તથા ગુજરાત દર્પણ

બારડોલી કાર્યાલય: , શ્રેયસ કોમ્પ્લેક્ષ, વામદોત પેટ્રોલ પંપની સામે, સરદાર બાગ, બારડોલી-૨ : ૦૨૬૨૨-૨૨૦૪૮૪, ૯૮૨૪૩૫૩૬૭૫ **કામરેજ :** ૯૮૯૮૨૧૫૪૦૦- ૯૮૨૫૧૦૯૮૯૬ **પલસાણા :** ૯૮૨૪૧૪૩૦૨૩ **સાયણ :** ૨૪૨૩૪૩ **ઓલપાડ :** ૯૮૯૮૪૦૬૬૯૮ **મહુવા :** ૯૪૨૭૧૨૫૬૨૫
વ્યારા કાર્યાલય: ૧૦૪, પહેલા માળે જે.બી. એન્ડ એસ એ સ્કૂલ શોપીંગ સેન્ટર, ટાવર રોડ, વ્યારા જી.તાપી : ૮૯૮૦૧ ૬૩૧૬૩ **વાલોડ:** ૯૮૭૯૯૨૧૪૭૭ **ભરૂચ કાર્યાલય:** ૧૦૨ હરિકૃષ્ણ ગોલ્ડન પ્લાઝા કોમ્પ્લેક્ષ, વરિયા હોસ્પિટલ પાસે, સુપર માર્કેટ, સ્ટેશન રોડ-ભરૂચ: ૯૪૨૭૧૧૬૯૧૬, **અંકલેશ્વર :** ૯૮૭૯૩૪૪૪૫૫, ૯૮૨૫૪૨૯૦૦૧

પાંચ દિવસ પહેલા જયાં લગ્નની શરણાઇ વાગતી હતી ત્યાં માતમ છવાયો

ડેડીયાપાડાથી નવસારી આણું વાળવા માટે જતાં પટેલ પરિવારને અકસ્માત : ત્રણનાં મોત

નવોઢાને હોંશેહોંશે લેવા નીકળ્યાં ત્યાં કાર-એસટી બસ સાથે અથડાતાં દિયર અને બે ભાણેજે જીવ ગુમાવ્યા: ત્રણને ગંભીર ઇજા

પ્રદિપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગ-ડેડીયાપાડા રોડ પર શણકોઇ ગામના પાટીયા પાસે બસ અને કાર વચ્ચે થયેલા અકસ્માતમાં ઘટના સ્થળે ત્રણના મોત તેમજ ત્રણને ગંભીર ઇજાઓ થતા અંકલેશ્વર, રાજપીપળાની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બનાવને પગલે ડેડીયાપાડા ટાઉનમાં, વડોદરા જિલ્લાનાં કરજણમાં તેમજ આણંદ જિલ્લાના બેડવા ગામના પટેલ સમાજમાં ઘેરા શોકની લાગણી ફરી વળી છે.

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા ટાઉનમાં પટેલ ચાલીમાં રહેતા કમલેશભાઇ પટેલના પુત્ર રવિભાઇ કમલેશભાઇ પટેલનાં પાંચથી છ દિવસ પહેલા લગ્ન થયા હતા. જેમાં સગા સંબંધીઓથી લઇને બહેનો તેમજ ભાણી, ભાણેજ પણ લગ્નમાં તેમજ વેકેશન હોવાથી મામાના ઘરે આવ્યા હતા. રવિભાઇના લગ્ન બાદ આણુ વાળવાની વિધિ બાકી હતી. જેને માટે શુક્રવારે તા.૨૬-૦૫-૧૭ના રોજ ડેડીયાપાડાથી નવસારીમાં રવિભાઇ પત્નીને તેડવા માટે કુટુંબના સભ્યો એક ઇકો ગાડી લઇને સવારના ૯ વાગ્યાની આસપાસ ડેડીયાપાડાથી નવસારી માટે જવા નીકળ્યા હતા. ત્યારે વડોદરા તરફથી મહારાષ્ટ્ર રાજયની બસ પેસેન્જર લઇને નેત્રંગ - ડેડીયાપાડા રોડ પરથી પસાર થઇ રહી હતી. તે સમય દરમિયાન નેત્રંગ તાલુકાના શણકોઇ ગામના પાટીયા પાસે બન્ને બસને કાર સામસામે ટકરાતા કારને ભારે નુકસાન થયું હતું.

ઇકો કાર રોડ પરથી સાઇડ પર ફેંકાઇ ગઇ હતી. જેમાં ઈજાગ્રસ્ત એક યુવાન તથા બે બાળકોએ જીવ ગુમાવ્યા હતા. બંને વાહનોના ડ્રાઇવર તથા બસ કંડકટર સહિત અનેક મુસાફરો ઘાયલ થયા હતા. જયારે ધવલભાઇ ઠાકોરભાઇ પટેલ (ઉં.વ. ૨૨) ને અંકલેશ્વરની ખાનગી હોસ્પિટલમાં તેમજ રાજેશ્વરીબેન દીપેનભાઇ પટેલ (ઉં.વ. ૨૦ રહે.બેડવા જી.આણંદ), મોનિકાબેન અરવિંદભાઇ પટેલ (ઉં.વ.૧૮, રહે. ડેડીયાપાડા) ને ગંભીર ઇજાઓ થતા નેત્રંગના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે રાજપીપળા સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર અર્થે વડોદરાની ખાનગી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હોવાનું કુટુંબીજનો દ્વારા જાણવા મળ્યું છે.

અકસ્માતને લઇને ઘટના સ્થળે લોકટોળા એકત્ર થઇ ગયા હતા. ૧૦૮ સેવા દ્વારા ઇજાગ્રસ્તોને નેત્રંગના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં લાવવામાં આવ્યા હતા.

ડેડીયાપાડાનો પટેલ પરિવાર વહુનું આણુ વાળવા માટે નવસારી જઇ રહ્યો હતો. જેમાં એક દિયર પોતાની ભાભીને તેમજ બે ભાણેજો મામીને હોંશે હોંશે તેડવા જતા રસ્તા વચ્ચે કાળનો કોળિયો બની ગયા હતા. પટેલ પરિવાર સહિત ડેડિયાપાડા ટાઉનમાં વડોદરા જિલ્લાના કરજણ નગરમાં તેમજ આણંદ જિલ્લા બેડવા ગામના પટેલ સમાજમાં ઘેરા શોકની લાગણી ફરી વળી છે.

જીવ ગુમાવનાર કમનસીબ

પ્રણવકુમાર ઇશ્વરલાલ પટેલ (ઉં.વ.આશરે ૨૪, રહે. શાંતિનગર, ડેડીયાપાડા)
આરવ જનકભાઇ પટેલ (ઉં.વ.૫ વર્ષ રહે. કનકપાર્ક નવાબજાર કરજણ જી. વડોદરા)
યુગકુમાર દિપેનભાઇ પટેલ (ઉં.વ. આશરે ૩ વર્ષ રહે. બેડવા તા. આણંદ, જી. આણંદ)

ઓવરલોડનું દૂષણ ડામવામાં વ્યારા RTOની લાચારી જોઈ વાહનવ્યવહાર મંત્રી અવાક્

લક્કડકોટના ચોર માર્ગેથી લાખોની ટેક્ષચોરી અટકાવવા કદી નક્કર કાર્યવાહી જ કરાઈ નથી

વ્યારા: વ્યારા આર.ટી.ઓ.ની મુલાકાત વેળાએ રાજ્યકક્ષાનાં વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઇ કાકડીયાએ યોજેલી પ્રેસ કોન્ફરન્સમાં ઓવરલોડ દોડતા વાહનો અને આરટીઓ ચેકપોસ્ટ પાસેનાં લક્કડકોટ ચોર માર્ગે થતી ટેક્ષચોરીનો પ્રશ્ન મોટા પાયે ગાજ્યો હતો.

જેમા મંત્રી કાકડીયાએ લકક્ડકોટનાં ચોર રસ્તા પરથી માથાભારે તત્વો દ્વારા ઓવરલોડ વાહનો પાસ કરવાનાં મોટા પાયે ચાલતા કૌભાંડને પોતે જ સમર્થન આપ્યુ હતું. પરંતુ નક્કર કાર્યવાહીને બદલે લાચારી દાખવતા મીડીયા કર્મીઓએ સરકારી તિજોરી પર રોજનો લાખો રૂપિયાનો ફટકો પડી રહ્યાનું ધ્યાને લાવવાની ફરજ પડી હતી.

અન્ય ચેકપોસ્ટ પર ટેક્ષ માફિયાઓ સામે તડીપાર અને પાસાની કાર્યવાહી કરવાની ડંફાસ મારનાર મંત્રીને જ્યારે તાપી જિલ્લાનાં ઓવરલોડનું દુષણ તેમજ સોનગઢનાં ચોર માર્ગે ટેક્ષચોરી કરનાર માફિયાઓ સામે, આવી કોઇ કાર્યવાહી કેમ કરાતી નથી.

તેવુ પુછતાની સાથે જ એક તબક્કે તેઓએ મૌન રહેવુ પડ્યુ હતું. મીડિયા કર્મીઓએ મંત્રીને પુછ્યુ કે તાપી જિલ્લામાં રોજની ૨૦૦૦થી વધુ ઓવરલોડ ટ્રકો વ્યારા આરટીઓની છત્રછાયામાં કોઇપણ પ્રકારની કાર્યવાહી વિના દોડી રહી છે.

તેમજ સોનગઢનાં લક્કડકોટનાં ચોર માર્ગે રોજનાં સેંકડો વાહનો પસાર થતા હોય સરકારી તિજોરીને રોજીંદો ૮ થી ૧૦ લાખનો ફટકો પડી રહ્યો છે. કલેકટર એક જ રાત્રિએ ૨૦ થી ૨૫ ઓવરલોડ ટ્રકો પકડી શકતા હોય તો વ્યારા આરટીઓ કેમ નહી ? ત્યારે મંત્રી કાકડીયાએ કાર્મચારીઓની ઘટ્ટ હોવાનું બહાનુ ધર્યુ હતું.

સોનગઢ લક્કડકોટનાં ચોર માર્ગે એંગલો મુકાય તો લાખોની ટેક્ષચોરી અટકાવી શકાય

લક્કડકોટનાં માર્ગે જો એંગલો ફીટ કરવામાં આવે તો મોટા ભાગની ચોર માર્ગે થતી ટેક્ષ ચોરી અટકાવી શકાય તેમ છે પરંતુ સરકારી તંત્રે એંગલ મુકવાની પણ તસદ્દી લીધી નથી કે વાહનવ્યવહાર મંત્રીએ કાયમી ઉકેલરૂપે અહીં એંગલો મુકાવાની પણ ખાત્રી આપી નથી. જેના કારણે તેની સીધી અસર આરટીઓની તિજોરી પર પડે તેમ છે. ત્યારે વાહનવ્યવહાર મંત્રી કાકડીયાએ આરટીઓ સામે ફરજ પ્રત્યેની બેદરકારી સામે કાર્યવાહી કરવાને બદલે તેઓ સ્વબચાવ માટે રીવોલ્વરનું લાયસન્સ માગી રહ્યાનું કહી આવા માથાભારે ટેક્ષ ચોરો સામે કાર્યવાહી ના નામે મૌન સેવી લીધુ હતું.

વાહનવ્યવહાર મંત્રીએ જવાબદાર આરટીઓ વિરૂદ્ધનાં આક્ષેપોનો જાહેરમાં ખુલાસો માગવાનું ટાળ્યું

વ્યારા: અહીં સુધી કે વ્યારા આરટીઓની સામે આરટીઓની ફરજ પ્રત્યેની બેદરકારીનાં આક્ષેપો થઇ રહ્યા હતા. છતા વાહનવ્યવહાર મંત્રીએ આ જવાબદાર આરટીઓ વિરૂદ્ધનાં આક્ષેપોનો પત્રકારો સમક્ષ જાહેરમાં ખુલાસો માગવાનું ટાળ્યુ હતું. સરકારનો આ વળી કેવો પારદર્શી વહીવટ કે જેમાં સરકારી તિજોરીને છલકાવવામાં સરકારી પ્રતિનિધિ જ રસ દાખવતા ન હોય ? વાહનવ્યવહાર મંત્રી સાથેની યોજાયેલી આ પ્રેસ કોન્ફરન્સમાં પત્રકારો પોતે જ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા હતા.

મસાના દર્દીનાં મોત પ્રકરણમાં સંડોવાયેલા તબીબોનાં લાઇસન્સ રદ્દ કરવાની માંગણી

મસાના દર્દીના મોત પ્રકરણમા MCIનો GMCને તપાસનો આદેશ

પ્રકરણને ૨૦ લાખમાં રફેદફે કરવાના ઓડિયો રેકોર્ડિંગ બાદ વિવાદ વધુ વકર્યો

દોષિત તબીબોનાં લાઇસન્સ રદ કરાવવા સુપ્રીમ સુધી જવાની મૃતકનાં પરિવાર તેમજ એકેએસએમની ચિમકી

વ્યારા: માંડળનાં મસાનાં દર્દીનાં મોત પ્રકરણમાં દોષિત તબીબો સામે નક્કર પગલા ભરવા મેડિકલ કાઉંસિલ ઓફ ઈન્ડિયાને થયેલ ફરિયાદ સંદર્ભે અહમદાવાદના ગુજરાત મેડિકલ કાઉન્સિલે નોંધ લઈ તપાસનાં આદેશો કરતા આ ચકચારી પ્રકરણ ૨૦ લાખમાં પતાવટનાં ઓડિયો રેકોર્ડિંગ બાદ ફરી ચર્ચામાં આવ્યો છે.

અહીં ફરિયાદી પક્ષે ન્યાયનાં હિતમાં દોષિત તબીબોનાં લાઈસન્સ સુધાયે રદ કરવાની માગ કરાઈ હોય આ પ્રકરણમાં સંડોવાયેલા તબીબોની ફરી એક ઉંઘ હરામ થઈ ગઈ છે.

વ્યારા મહાવીર હોસ્પિટલમાં તા. ૨૮/૧/૨૦૧૬નાં રોજ પાઈલ્સનાં ઓપરેશન બાદ આદિવાસી યુવકનું ડોકટરની બેદરકારીથી થયેલા મોતનાં પ્રકરણમાં ડૉ. મોન્ટુ કોઠારી, ડૉ. દિવ્યેશ શાહ અને ગુનાહીત બેદરકારીને ઢાંકવામાં મદદ કરનાર વ્યારાનાં સિવિલ સર્જન ડૉ.નૈતિક ચૌધરી સહિતનાં તબીબો સામે વ્યારા પોલીસ મથકે આઈ.પી.સી. ૩૦૪(એ),૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલા છે. જ્યાં સુધી કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી ઉપરકોત તબીબો દ્વારા કોઇ પણ દર્દીનાં સ્વાસ્થ્ય સાથે પુન: બેદરકારીથી જીવનું જોખમ રહેલુ હોવાથી તમામનાં લાઈસંસ તેમજ તબીબ તરીકેની ફરજ બજાવવા ઉપર પ્રતિબંધ લગાવવા માંડળ ગામનાં નવીનભાઈ ગામીતે તા. ૪/૫/૨૦૧૭નાં રોજ મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનાં અધ્યક્ષ જયશ્રીબેન મહેતાને ફરિયાદ કરી આ તબીબોનું લાયસન્સ રદ કરી તેઓની પ્રેકટીસ ઉપર પ્રતિબંધ લગાવવા માંગણી કરી હતી.

દોષિત તબીબોનાં લાઇસન્સ રદ્દ કરાવવા સુપ્રિમ સુધી જવાની મૃતકનાં પરિવાર તેમજ એકેએસએમની ચિમકી

સમગ્ર મામલે મેડિકલ કાઉન્સિલ ઓફ ઇંડિયાનાં આસિસ્ટન્ટ સેક્રેટરી એસ. સવિથાનાંઓએ ડોકટરોનાં લાઇસન્સ રદ કરવા હેતુની નવીનભાઇ ગામીતની ફરિયાદ સંદર્ભે તપાસ મેડિકલ કાઉંસીલ ઓફ ગુજરાતને સોંપ્યો છે અને વહેલી તકે ઉચિત પગલા ભરવા ગુજરાત મેડિકલ કાઉન્સિલને તા.૨૨/૫/૨૦૧૭નાં રોજ પત્ર પાઠવ્યો છે. હવે જોવાનું એ રહે છે કે ગુજરાત મેડિકલ કાઉસિલ તપાસ કેટલા સમયમાં પૂર્ણ કરે છે ? હાલ તો આ ગુનામાં સંડોવાયેલા તબીબોનાં લાઇસન્સ રદ્દ કરાવવા જરૂર પડયે હાઇકોર્ટ જ નહી સુપ્રીમ કોર્ટ સુધી જવાની મૃતકનાં પરિવાર તેમજ આદિવાસી કિસાન સંઘર્ષ મોર્ચાએ ચિમકી ઉચ્ચારી છે.

એલઆઇસીમાં ટેમ્પરરીને પરમેનન્ટ કરવાનો સુપ્રીમ કોર્ટનો આદેશ

વિસ્તૃત જાણકારી આપવા માટે આજે સુરતમાં સેમિનારનું આયોજન કરાયું

સુરત: એલઆઈસી ઓફ ઈન્ડિયામાં ટેમ્પરરી તરીકે (૧૯૮૫થી ૨૦૧૫ સુધીના) કાર્ય કરી ગયેલા કર્મચારીઓને કાયમી કરવાનો ચુકાદો સુપ્રીમ કોર્ટ આપ્યો હતો. જેના આધારે કેન્દ્રીય ઓફિસ મુંબઈએ ક્ષેત્રીય અને મંડલ કાર્યાલયોને તા.૨૦-૫-૮૫થી તા.૪-૩-૧૯૯૧ સુધીના આવા ટેમ્પરરી કાર્ય કરી ગયેલા કર્મચારીઓની પાત્રતા ચકાસીને તેમને નોકરી પર લેવાની સુચના આપી છે.

સુપ્રીમ કોર્ટના ચુકાદાની વિસ્તૃત માહિતી આપવા માટે લાઈફ ઈન્સ્યુરન્સ એમ્પ્લોઈઝ એસોસિએશન સુરત ડિવિઝન યુનિટ (રજી.નં.જી.૧૭૦૪) તરફથી એક સેમિનારનું આયોજન તા.૨૭-૫-૧૭ને શનિવારે બપોરે ૨-૦૦ વાગ્યે એલઆઈસી ઓફ ઈન્ડિયા, સ્પોર્ટસ રૂમ, જીવન પ્રકાશ બિલ્ડીંગ, મુગલીસરા, એસએમસી મેઈન ઓફિસની સામે, સુરતમાં કરવામાં આવ્યું છે. જેમાં તમામ હંગામી કર્મચારીઓને હાજર રહેવા માટે એલઆઈઈએના સામાન્ય મંત્રી ભવનેશ એમ. ભટ્ટે (૯૪૨૭૮૩૪૩૪૮)એક યાદીમાં જણાવ્યું છે.

મૌઝા ગામ પાસે બે બાઇકને ટ્રકે ટક્કર મારતાં એકનું મોત

વાલિયા: મૌઝા ગામના ઉમાડાબરા ફળીયામાં રહેતા વિપુલભાઈ રવીન્દ્રભાઈ વસાવા મોટરસાઈકલ નંબર-જીજે-૧૬-બીએલ-૮૬૨૫ લઈ પ્રિયંકાબહેન સાથે પસાર થઈ રહ્યા હતા. તે વેળાએ ટ્રક ચાલકે વિપુલ વસાવાની મોટરસાઈકલ અને અન્ય મોટરસાઈકલ નંબર-જીજે-૧૯-એસી-૬૯૭૯ને અડફટે લેતા બંને મોટરસાઈકલ સવારોને ગંભીર ઈજાઓ થઈ હતી. જયારે અન્યે બાઈક નંબર-જીજે-૧૯-એસી-૬૯૭૯ પર સવાર બાબુભાઈ હરીયાભાઈ વસાવાને ગંભીર ઈજાઓ થતા તેઓને વધુ સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ટૂંકી સારવાર બાદ બાબુભાઈ વસાવાનું મોત નીપજયું હતું.

સાયણ ઓલપાડ રોડ પર ટ્રકની પાછળ બાઇક ભટકાતાં ચાલકનું મોત

સાયણટાઉન: દિનેશભાઈ ગાંડાભાઈ પટેલ (ઉં.વ.૪૬, રહે.સાંઇ બંગ્લોઝ, સાયણ, તા.ઓલપાડ જી.સુરત) બપોરના સમયે દેલાડથી સાયણ તરફ પોતાની હીરોહોન્ડા મોટરસાઈકલ નંબર જીજે-૫- એચજી- ૪૦૭૯ પર આવતી વખતે પોતાની મોટરસાઈકલનો સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં આગળ જતી હાઈવા ટ્રક નં. જીજે-૨૧-વાય-૭૯૩૧માં ઘુસી જતાં દિનેશભાઈનું ગંભીર ઈજાઓને કારણે ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજયું હતું. સાયણ આઉટપોસ્ટ પોલીસ એએસઆઈ દિલીપ વાગલેએ અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શૌચાલયનાં કૌભાંડની ભાજપની સીબીઆઈ તપાસની માંગણી પર ઠંડુ પાણી રેડી દેવાયું!

તાપી જિલ્લામાં તપાસ કરવામાં ડીડીઓ અને ગ્રામ વિકાસ એજન્સી નિયામકની નિષ્ક્રિય ભુમિકા

ઉચ્ચ અધિકારીઓને બદલે આઉટ સોર્સિંગનાં કર્મચારીઓથી તપાસનું ગાડુ ખદેડ્યું

વ્યારા: તાપી જિલ્લાનાં ગામડાઓમાં સ્વચ્છ ભારત મિશન અતંર્ગત ઘરદીઠ અને જાહેર શૌચાલયો બનવવાના કૌભાંડમાં રોજે રોજ નવો ફણગો ફૂટી રહ્યો છે. આ કૌભાંડની તપાસ ઉચ્ચ અધિકારીઓને સોપવાને બદલે આઉટ સોર્સિંગનાં સામાન્ય કર્મચારીઓને સોંપી આખા પ્રકરણનું ફિંડલુ વાળી દેવાનો કારસો રચાયાની આશંકા સેવાઈ રહી છે. અહીં સુધી કે કરોડોનાં આ ભ્રષ્ટાચારમાં ડુબકી મારનારા એક પણ અધિકારી, કર્મચારી કે કોન્ટ્રાકટર કાયદાનાં ભીંસમાં લેવાયા નથી.

તાપી જિલ્લાનાં છેવાડાનાં કુકરમુંડા, નિઝર, વાલોડ, ડોલવણ સહિતનાં તાપી જિલ્લાનાં ગામડાઓમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફતે બનાવવામાં આવેલા શૌચાલયોમાં એક-બે લાખ નહી પણ કરોડો રૂપિયાનું કૌભાંડ આચરાયુ હોવાનું નરી આંખે દેખાય છે. લાભાર્થીઓ ગળુ ફાડીને બુમો પાડે છે કે શૌચાલયનાં પૈસા અમારા ખાતામાંથી અમને મળતા નથી. ત્યારે અધિકારીઓ લાભાર્થીઓનાં ખાતામાં નાણાં જમા થતા હોવાનુ નર્યુ જુઠ્ઠાણુ ચલાવી રહ્યા છે. આ સમગ્ર પ્રકરણમાં ભાજપનાં કેટલાક કાર્યકર્તાઓએ સીબીઆઈની તપાસની માગ પણ કરી છે. પરંતુ કાર્યકર્તાઓની આ માંગ પણ અધિકારીઓનાં બહેરા કાને જ અથડાઈ છે.

તપાસ કરનાર ઓડિટરોની ભુમિકા પણ શંકાનાં દાયરામાં મુકાઈ

શૌચાલય બાંધવામાં અનેક ટેકનીકલ ખામીઓ સામે આવી રહી છે ત્યારે દોષિતોને સળિયા પાછળ મોકલવાને બદલે ગામડાઓમાં ચુંટાયેલ સભ્ય, સરપંચ અને તાલુકા પંચાયતનાં વડાનાં મેળા પીપણામાં આ મહાકૌભાંડને ઢાંકવા તંત્ર ધમપછાડો કરી રહ્યુ છે. માત્ર એક જ જગ્યાએ કાગળ પર તપાસ કર્યાનો રિપોર્ટ સોપી નાણાંઓ ખંખેરવાના ખેલમાં ઓડિટરોની પણ ભુમિકા શંકાનાં દાયરામાં મુકાઇ છે. એટલુ જ નહી જે એજન્સીનાં નેજા હેઠળ આટલુ મોટુ કૌભાંડ આચરાયુ છે તે જ એજન્સીને તપાસ સમિતિનાં નામે કાર્યવાહીનાં હક્કો આપતા સમગ્ર તપાસ પ્રકરણમાં કોટવાલ જ ચોર હોય તો દંડે કોણ ? સમગ્ર તપાસ ફરી શંકાનાં દાયરામાં જ છે. તપાસનાં નામે આઉટ સોર્સિંગનાં સામાન્ય કર્મચારીઓને સરકારી વાહન ફાળવી આપતા કૌભાંડી પ્રકરણમાં સંડોવાયેલ આ કર્મચારીઓનાં બખ્ખા થયા છે.અધિકારીઓ નક્કર પરિણામ આપવાને બદલે તપાસને લાંબી ખેંચી આડે પાટે દોડાવી રહ્યા હોય ત્યારે સરકારની ચુપકિદી પણ શંકાનાં દાયરામાં મુકાઇ છે.

ઓંડચ અને દેદવાસણ બેઠકની પેટા ચૂંટણીમાં રસાકસીના એંધાણ

મહુવા તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ ફોર્મ ભર્યા

બારડોલી : સુરત જિલ્લાની મહુવા તાલુકા પંચાયતની ખાલી પડેલી ઓંડચ અને દેદવાસણ બેઠકની પેટા ચૂંટણી પર શુક્રવારે કોંગ્રેસ અને ભાજપના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. હાલમાં મહુવા તાલુકા પંચાયતમાં બંને પક્ષ પાસે નવ નવ બેઠક હોય રસાકસીનો જંગ જામ્યો છે.

મળતી માહિતી અનુસાર મહુવા તાલુકા પંચાયત કુલ ૨૦ બેઠકો ધરાવે છે. ગત ૨૦૧૫માં થયેલા સામાન્ય ચૂંટણી દરમ્યાન કોંગ્રેસ અને ભાજપને ૧૦/૧૦ બેઠક પર જીત મેળવી હતી. આથી પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી માટે બંને પક્ષ કાંટે કી ટક્કર ચાલી હતી. જો કે સામાન્ય સભામાં ઓંડચ બેઠક પરથી વિજેતા થયેયલ ઉમેદવાર વિપુલ સોમાભાઈ નાયકા ગેરહાજર રહેતા ભાજપે એક મતથી બહુમત પ્રાપ્ત કરી સત્તા કબજે કરી હતી. દરમ્યાન વિપુલ નાયકા સામાન્ય સભામાં સતત ગેરહાજર રહેતા હોય તેમનું સભ્ય પદ રદ થતાં બેઠક ખાલી પડી હતી. બીજી તરફ આ સમયગાળા દરમ્યાન દેદવાસણ બેઠકના મહિલા ઉમેદવાર વિરમતીબેન સુભાષભાઈ પટેલનુ અવસાન થતાં આ બેઠક પણ ખાલી પડી હતી. આમ મહુવા તાલુકા પંચાયતમાં એક કોંગ્રેસની અને એક ભાજપની બેઠક ખાલી પડતાં બંને પાસે ૯/૯ બેઠક બચી હતી. રાજય ચૂંટણી પંચદ્વારા રાજયમાં સ્થાનિક સ્વરાજની પેટા ચૂંટણીની જાહેરાત થતાં જ મહુવા તાલુકાની બંને ખાલી બેઠકો કબજે કરવા બંને પક્ષો એડીચોટીનો જોર લગાવવાનું શરૂ કરી દીધું હતું. ૧૧મી જૂનના રોજ યોજનારી પેટા ચૂંટણી માટે શુક્રવારના રોજ ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં અનુસુચિત જનજાતિ માટે અનામત ઓંડચ બેઠક પરથી ભાજપના અક્ષય ગમન પટેલે અને ડમી તરીકે જીતેન્દ્ર બચુભાઈ પટેલે ઉમેદવારી કરી હતી. જયારે કોંગ્રેસ તરફથી નિતિનભાઈ ચીમનભાઈ ગરાસિયાએ અને ડમી તરીકે મુકેશ ભરતભાઈ રાઠોડે ફોર્મ ભર્યું હતું. અનુસુચિત જનજાતિ મહિલા માટે અનામત દેદવાસણ બેઠક પરથી ભાજપના અનીતાબેન પ્રિતેશભાઈ ભટ્ટે અને ડમી તરીકે રીટાબેન શિરીષભાઈ પટેલે ઉમેદવારી નોંધાવી હતી. જયારે કોંગ્રેસ તરફથી મમતાબેન ઊર્મિતભાઈ પટેલે ફોર્મ ભરી પોતાની ઉમેદવારી પત્રક અધિકારીને રજૂ કર્યું હતું.

પ્રવિણસિંહ મહિડા

રેતીચોરીમાં પકડાયેલી ટ્રકો માંડવી પાલિકાના મેદાન પર ખડકી દેવાતા વોકિંગ પ્રવૃત્તિ બંધ

પાલિકાનું મેદાન જાણે ગુનાના કામમાં પકડાયેલા વાહનો મુકવાનું ગોડાઉન બની ગયું!

તરસાડા: માંડવી નગરપાલિકાના વિશાળ મેદાન પર હાલ બલાલતીર્થ ગામે ભૂસ્તર વિભાગે દરોડો પાડીને ઝડપેલી ૪૦થી વધુ ટ્રકોનો ખડકલો કરી દેવાયો છે. જેના કારણે ક્રિકેટ રમતા ખેલાડીઓને ખુબ તકલીફ પડી છે. કેમકે જયાં જુઓ ત્યાં ટ્રકો જોવા મળે છે, જેના કારણે આ મેદાનની સાઈડે પાલિકાએ પેવર - બ્લોક બેસાડીને વૉક-વે બનાવ્યો છે. તેના પર રોજ સવાર-સાંજ ૫૦થી વધુ યુવાનો-વડીલો, મહિલાઓ વૉકીંગ કરવા આવતા હતા. પરંતુ રેતીચોરીમાં પકડાયેલી ટ્રકો મુકી દેવાતા વૉકીંગ પ્રવૃત્તિ બંધ થવાની નોબત આવી છે. પાલિકાનું મેદાન જાણે ગુનાના કામમાં પકડાયેલી ટ્રકોનું ગોડાઉન (અડ્ડો) બની ગયુ છે, ભૂસ્તર શાસ્ત્રી તથા કર્મીઓ પર રેતી માફિયાઓએ કરેલા હિંસક હુમલાનું પ્રકરણ ગંભીર બાબત બનતી જાય છે. આ પ્રકરણ લાંબુ ચાલે તેમ હોવાથી પાલિકા ગ્રાઉન્ડ પર મુકાયેલી ટ્રકોનો અડ્ડો હટાવાય તેવી વૉકીંગ કરનારાઓની માગ છે.

રાજપીપળામાં જાયન્ટ્સ ઈ.ફે. યુનિટ-૧ થી ૬ના ગ્રુપોની પ્રથમ કોન્ફરન્સ રવિવારે યોજાશે

સુરત : જાયન્ટસ ઈન્ટરનેશનલ ફેડરેશન -૩ એના યુનિટ-૧ થી ૬માં સમાવિષ્ટ તમામ ગ્રુપોની પ્રથમ મલ્ટી કોન્ફરન્સ જાયન્ટસ ગ્રુપ ઓફ રાજપીપળાના યજમાનપદે તા.૨૮મી મેના રવિવારે સવારે ૧૦ વાગ્યે રાજપીપળાનાં સરદાર ટાઉન હોલમાં ફેડરેશન પ્રમુખ યોગેશ પારેખના અધ્યક્ષપદે, જા.ઈ. સેન્ટ્રલ કમિટી મેમ્બર ડો. હસમુખ પટેલ ઉદઘાટન કરશે. આ કોન્ફરન્સ પ્રસંગે જા.ઈ. સ્પે. કમિટી મેમ્બરો ભૂપેન્દ્ર વશી અને અનિલ દલાલ અને પૂર્વ ફેડરેશન પ્રમુખ ઘનશ્યામ આર. પટેલ અતિથિવિશેષ પદે હાજર રહેશે તેમજ રાજપીપળાના નગરપાલિકા પ્રમુખ અલકેશસિંહજી ગોહિલ, ધારીખેડા, સુગર ફેકટરીના ચેરમેન ઘનશ્યામ પટેલ અને યજમાન ગ્રુપના પૂર્વ પ્રમુખ પ્રહલાદ અગ્રવાલની વિશેષ ઉપસ્થિતિ રહેશે. આ કોન્ફરન્સમાં વાપીથી લઈને ખંભાત સુધીના ૩૫૦ થી વધુ ડેલીગેટસ મિત્રો ભાગ લેશે. રાજપીપળા ગ્રુપના પ્રમુખ હરિવદન ગજ્જર, વહિવટી નિયામક નગીનભાઈ પટેલ અને કોન્ફરન્સ કન્વીનર ભરતભાઈ વ્યાસ અને કોન્ફરન્સ મંત્રી જયેશભાઈ દોશીએ સર્વે જાયન્ટસ બંદુઓને સદર કોન્ફરન્સનો લાભ લેવા જણાવ્યું છે. જા. ઈ. ફેડરેશન ડાયરેકટરો બાલાક્રિષ્ણના શેટ્ટી, વિરલ રોંદરવાલા, અરૂણ દેસાઈ, અરવિંદ પંચાલ, ધર્મેશ પટેલ અને મણીલાલ કટારીઆ કોન્ફરન્સનું વહીવટી સેસન સંભાળસે. એમ ફેડરેશન સેક્રટરી રમણલાલ ઠક્કરે જણાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રીના હસ્તે બારડોલીના મઢી-સુરાલીમાં વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત

રૂા. ૪૭.૬૨ કરોડના ખર્ચે ઉધના-જલગાંવ રેલવે લાઇન પર મઢી અને વ્યારામાં ઓવરબ્રિજ બનશે

બાજીપુરા-કહેર-કલમકૂઈ માર્ગને રૂા. ૧૦ કરોડના ખર્ચે દ્વિ-માર્ગીય તથા મજબુત બનાવાશે

સુરત: નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે રેલવે લાઈન પર રેલવે ફાટક નં. ૩૭ (મઢી) તથા ફાટક નં. ૫૧(વ્યારા) ઉપર રૂા. ૪૭.૬૨ કરોડના ખર્ચે નિર્માણ થનારા ઓવરબ્રિજનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ બ્રિજ બનવાથી ટ્રાફિકની અવર-જવર માટે સીધો રસ્તો મળી રહેતા સમય અને ઈંધણનો બચાવ થશે. આ ઉપરાંત નાયબ મુખ્યમંત્રીએ સુરત જિલ્લાના મહુવા-અનાવલ રાજ્ય ધોરીમાર્ગ પર વલવાડા ગામ પાસે રૂા.૪.૪૬ કરોડના ખર્ચે ઓલાણ ખાડી ઉપર પૂલ નિર્માણ થવાથી જુના ૫.૫૦ મી. સાંકડા પૂલના સ્થાને નવો ૧૨ મીટરની પહોળાઈનો પૂલ તેમજ તાપી જિલ્લાના બાજીપુરા-કહેર-કલમકુઇ માર્ગને રૂા.૧૦ કરોડના ખર્ચે દ્વિ-માર્ગીય તથા મજબુતીકરણ કરવાની કામગીરીનું ખાતમુહૂર્ત કર્યુ હતું. આ રસ્તાનો વિકાસ થવાથી બુહારી, કહેર, કલમકુઇ, બોરખડી, બાજીપુરા સહિતના ગામોની ૨૨,૦૦૦થી વધુ જનતાને સીધો લાભ થશે.

આ પ્રસંગે આયોજિત સમારોહમાં ના. મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ હતું કે, સિંચાઇના આધુનિકરણ માટે આ સરકારે રૂપિયા ૩૦૦ કરોડનો ખર્ચ કર્યો છે. આગામી પાંચ વર્ષમાં રાજ્યના ખેડૂતોની આવક બમણી કરવામાં આવશે. જેને સંલગ્ન ખાતર-બિયારણ સહિતની તમામ જરૂરિયાતો, ખેડૂતોને સ્થાનિક કક્ષાએ મળી રહે તે માટે રાજ્ય સરકારે સઘન આયોજન હાથ ધર્યું છે. કાર્યક્રમમાં સાંસદ પ્રભુભાઈ વસાવા, સુરત જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પટેલ, ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.